# સાંકેતિક અક્ષરોની સમજ

[પ્રથમાવૃત્તિના ભાગ ૧ અને ૨માં કેટલાક સાંકેતિક અક્ષરોની સમજ આપવામાં આવી હતી. પરંતુ એમાં સમજ આપવામાં ન આવી હોય એવા સાંકેતિક અક્ષરો વપરાયેલા જોવા મળ્યા છે. અહીં એ સાંકેતિક અક્ષરોની સમજ મળી શકી તેટલી ને તેવી આપવામાં આવી છે. એમાં શ્રી દેશાઈના પ્રથમ આવૃત્તિનાં નિવેદનો, 'જૈનો સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' (દેશાઈ) અને 'યુગપ્રધાન જિનચંદ્રસૂરિ' (નાહટા)ની તથા કેટલીક વ્યક્તિગત મદદ પણ મળી છે. આ સાંકેતિક અક્ષરોની સૂચિ બતાવશે કે એના વપરાશમાં એકસૂત્રતા રહી નથી. એક જ નામના એકથી વધુ સાંકેતિક અક્ષરો યોજાઈ ગયા છે તે ઉપરાંત આખા નામનો પણ ઉપયોગ થયો છે. અહીં કેટલાક સાંકેતિક અક્ષરોનો મેળ વપરાયેલા આખા નામની મદદથી બેસાડ્યો છે.

અહીં આધારસામગ્રીના અને અન્ય એમ બે પ્રકારના સાંકેતિક અક્ષરોને જુદા પાડ્યા છે. સાંકેતિક અક્ષરો જેમને માટે ન યોજાયા હોય એવી આધારસામગ્રીનો પણ, પૂરી સૂચિ કરવાના હેતુથી, નામનિર્દેશ કર્યો છે.

[ ] આ પ્રકારના કૌંસમાં મૂકેલી સઘળી સામગ્રી આ બીજી આવૃત્તિના સંપાદક તરફથી મૂકવામાં આવી છે. * એવી ફૂદડી સાથે મૂકેલા સાંકેતિક અક્ષરો પૂર્તિની સામગ્રીના છે, 'જૈન ગૂર્જર કવિઓ'ની મૂળ સામગ્રીના નથી. ]

### ક. આધારસામગ્રી અને તેના સાંકેતિક અક્ષરો

| | |
|---|---|
| — | અગરચંદ ભેરુદાન બાંઠિયા લાયબ્રેરી, બિકાનેર |
| અનંત ભં. | અનંતનાથજીનું જૈન મંદિર, માંડવી, મુંબઈનો ભંડાર |
| * અનુપ. | અનુપ સંસ્કૃત લાયબ્રેરી |
| અભીર. | [બિકાનેર બૃહદ્ જ્ઞાનભંડાર અંતર્ગત અભીરચંદજી સંગ્રહ] |
| અભય. | * અભય જૈન ગ્રંથાલય સંગ્રહ, બિકાનેર [જુઓ નાહટા સં.] |
| અમર. ભં. | અમરવિજય મુનિ – સિનોર કે ડભોઈમાંનો ભંડાર |